કાંકણોલના ગ્રામજનોનો મન હોટલ પર હલ્લા બોલ

હોટલમાંથી આઠ યુવક-યુવતીઓને પકડી પોલીસ હવાલે કર્યા : પોલીસની રહેમનજર હેઠળ હોટલમાં ચાલતા ગોરખધંધા સામે લોકોનો આક્રોશ

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નેશનલ હાઈવે ઉપર આવેલા કાંકણોલ ગામ પાસેની મન હોટલમાં છેલ્લા ઘણા સમયથી પોલીસની રહેમ નજર હેઠળ ગોરખ ધંધા બે રોક ટોક ચાલી રહ્યા છે. જેને લઈ આ વિસ્તારની પ્રજા અને ગ્રામજનો વાજ આવી ગયા હતા.

હોટલમાં ચાલતા ગોરખ ધંધા બંધ કરાવવા પોલીસ સમક્ષ વારંવાર રજુઆત કરવા છતાં પોલીસ દ્વારા કોઈ જ કાર્યાવહી ન થતાં મંગળવારે સવારે કાંકણોલના ગ્રામજનોએ હોટલ ઉપર ઘસી જઈ હલ્લો બોલાવી હોટલના જુદા-જુદા રૂમમાંથી ૪ યુવક અને ૪ યુવતીઓને ઝડપી લઈ પોલીસને બોલાવી પોલીસ હવાલે કર્યા હતા. ગ્રામજનોના આ કાર્યથી પોલીસને શરમ જનક સ્થિતિમાં મુકાવનો વારો આવ્યો હતો.

બનાવની વિગત અનુસાર હિંમતનગરથી ૫ કિ.મી. અંતરે નેશનલ હાઈવે ઉપર આવેલા કાંકણોલ ગામની સામે મન હોટલ એન્ડ રેસ્ટોરન્ટ આવેલ છે. આ હોટલમાં ચા પણ મળતી નથી પરંતુ હોટલની આડમાં છેલ્લા ઘણા સમયથી ઘોરખ ધંધા અને અસમાજિક પ્રવૃતિઓ ચાલી રહી હતી.

હોટલમાં ચાલતા ખોરખ ધંધા બંધ કરવા માટે ગ્રામજનો દ્વારા વારંવાર પોલીસ સમક્ષ રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતાં મન હોટલમાં અસમાજિક પ્રવૃતીઓ ચાલી રહી હતી. જેને લઈ ગ્રામજનો ત્રાહિમામ પોકારી ગયા હતા. મંગળવારે કાંકણોલ ગામના યુવાનો સહિત ગ્રામજનોએ ભેગામળી મન હોટલ ઉપર છાપો માર્યો હતો. અને હોટલના જુદા-જુદા રૂમમાંથી ૪ યુવક અને ૪ યુવતીઓને ઝડપી લઈ પોલીસ સ્ટેશને ફોન કરી પોલીસને બોલાવી પકડાયેલ યુવક-યુવતીઓને પોલીસ હવાલે કર્યા હતા.

(તસવીર : મગનજી વણઝારા)

પોલીસે મનોજ ધુળાભાઈ વણકર (ફુંપ, હિંમતનગર) નિશાલ હિતેષભાઈ પટેલ (મનોરપુર, હિંમતનગર) જીતેન્દ્ર રામાભાઈ પ્રજાપતિ (હાજીપુર, હિંમતનગર) અલ્લા રખા ઉમરભાઈ કુરેશી (પોલોગ્રાઉન્ડ, હિંમતનગર) તેમજ ૪ યુવતિઓ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

તાજેતરમાં દિલ્હીમાં યુવતિ ઉપર થયેલ ગેંગ રેપ સામે દેશભરમાં જન આક્રોશ ઉભો થવા પામ્યો છે. અને લોકો પોલીસ અને પ્રશાસન ઉપર માછલા ધોઈ રહ્યા છે. આવા બનાવોને ડામવા માટે તાજેતરમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગે એક પરિપત્ર દ્વારા પોલીસને સજાકતા દાખવવા જણાવવામાં આવ્યુ હોવા છતાં જિલ્લાની પોલીસ આવા બનાવોને ડામવા માટે સજાગ ન હોવાનુ આ બનાવ ઉપરથી ફલિત થયુ છે.

હિંમતનગર સદવિચાર પરિવાર દ્વારા ધાબળા અને નાસ્તાનું વિતરણ કરાયું

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સદવિચાર પરિવાર હિંમતનગર દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. અને હિંમતનગર શહેરની તમામ હોસ્પિટલોમાં મફત ભોજન આપવામાં આવે છે ત્યારે વિવિધ પ્રવૃત્તિઓના ભાગ રૂપે આજે સદવિચાર પરિવાર દ્વારા શિયાળાની કડકડતી ઠંડીની સીઝનમાં ૨૦ ગામોના આર્થિક પછાત ચારસો કુટુંબોને મદદરૂપ થવા માટે ગરમ ધાબળા તથા મગફળીની ચીકી તથા નાસ્તો તેમજ ચા આપી હતી.

તલોદ કેળવણી મંડળ તથા ગીતાંજલી ટ્રસ્ટ દ્વારા પદ્મ વક્તૃત્વ સ્પર્ધા યોજાશે

તલોદ, તા. ૧

તલોદ કેળવણી મંડળ સંચાલિત સી. ડી. પટેલ શાળા અને ગીતાંજલી ટ્રસ્ટ દ્વારા સી. ડી. પટેલ શાળાના કંમ્પાઉન્ડમાં સ્વ. શાંતુભાઈ પટેલ પ્રાથમિક શાળાની સાતમી અને અંબુભાઈ પટેલ માધ્યમિક શાળાની દ્વિતીય વિજય પદ્મ વક્તૃત્વ સ્પર્ધાને તલોદ કેળવણી મંડળના પ્રમુખ રોનક પટેલ તા. ૫મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ દિપ પ્રગટાવી શુભારંભ કરાવશે.

આ બન્ને વક્તૃત્વ સ્પર્ધા એચ. પી. આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. જે. સી. પટેલ અને એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. સમીર પરીખની દેખરેખમાં યોજાશે. જેમાં પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે વધુ શક્તિશાળી કોણ ?, કલમ કે શસ્ત્ર જ્યારે ઉ. માધ્યમિક માટે સાચુ દાન કયા શોભે ? મંદિરમાં કે શાળામાં આ બન્ને વિષયો રાખવામાં આવ્યા છે. વિજેતા સ્પર્ધકને ક્રમાંક મુજબ ઇનામોથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

તલોદની સી. ડી. પટેલ શાળાના કમ્પાઉન્ડમાં આયોજિત આ વક્તૃત્વ સ્પર્ધામાં મુખ્ય મહેમાનપદે ભરત પટેલ, ભગવાનભાઈ પટેલ, કિર્તીભાઈ મહેતા, ભોગીલાલ પટેલ, ધનજીભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ વગેરે મહાનુભાવો હાજર રહેશે.

ડીસા તાલુકામાં ચાર લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા.૧

ડીસા તાલુકા પોલીસને બાતમીના આધારે ઘરવડા ગામની સીમમાં ટ્રકમાં દારૂ વેચાણ અર્થે આવેલ છે. બાતમીના આધારે દરોડા પાડતાં ચાર લાખ ચાળીસ હજારનો વિદેશી દારૂનો જથ્થો તથા ટ્રક ગુનામાં વપરાયેલ મોટર સાઇકલો પણ ઝડપાઇ હતી. દારૂબંધીના કાયદા પ્રમાણે પોલીસે કાર્યવાહી ચાલુ કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે પી.આઇ. એન.જી. ગૌસ્વામી તથા પોલીસ ટીમે પંચો સાથે મળેલી બાતમી મુજબ દરોડો પાડયો હતો. જેમાં વિદેશી દારૂની ૯૭૨ બોટલ, બિયર ટીન ૧૧૨૮ મળેલ હતા. તથા ટ્રક તથા મોટર સાઇકલ જપ્ત કરેલ છે. આ ગુના હેઠલ કમાભાઇ અનારજી ઠાકોર, ચંદનજી ઠાકોરની ધરપકડ કરેલ છે.

પ્રાંતિજમાં વીજલાઈનની ચકાસણીને લઈ ૮ કલાક વીજ પુરવઠો બંધ કરાયો

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં આજે સવારથી સાંજ સુધી વિજ કંપની દ્વારા વીજલાઈનની ચકાસણીને લઈ વિજપુરવઠો બંધ કરવામાં આવતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. સરકારી કચેરીઓમાં પણ લોકોના કામ લાઈટ બંધ હોવાને કારણે અટવાઈ પડયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેર એમ.એ. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે અગાઉ વીજ કંપની દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે સવારે આઠ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. વિજ પુરવઠો બંધ રહે તે દરમિયાન સરાઉન્ડ ચેકિંગ તેમજ વિજ વાયરો સાથે અડેલા વૃક્ષનો ફાલ દૂર કરવામાં આવ્યો હતો તેમજ પ્રાંતિજ શહેરની સમગ્ર વિજલાઈનની ચકાસણી પણ કરવામાં આવી હતી. પરંતુ અત્યારે હાલના સમયમાં લોકોને એક મીનીટ પણ લાઈટ વગર ન ચાલે તેવા યંત્રયુગમાં લાઈટ બંધ રહેતા લોકો અટવાયા હતા. પરંતુ બીજી તરફ સરકારી કચેરીઓ સહિત બેંક, દુકાનો, ઓફીસોમાં નવા વર્ષના પહેલા દિવસે લાઈટ લાંબો સમય બંધ રહેતા લોકોએ ગપાટા મારીને સમય પસાર કરવો પડયો હતો.

હિંમતનગરમાં વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ યુવા ચેતના સંસ્થા સંચાલિત વિકલાંગ છાત્રાલય અને સ્વરોજગારી તાલીમ કેન્દ્રમાં વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિકલાંગ ભાઈઓએ ભાગ લીધો હતો.

હિંમતનગર શહેરમાં સ્થિત યુવા ચેતના સંસ્થા સંચાલિત વિકલાંગ છાત્રાલય તેમજ સ્વરોજગારી તાલીમ કેન્દ્ર છેલ્લા સાત વર્ષથી નિયમિત સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના ગરીબ તથા પછાત વર્ગના વિકલાંગ ભાઈઓ સ્વરોજગારી મેળવી પોતાનું જીવન પગભેર જીવે તેવા ઉમદા હેતુથી આ સંસ્થા તાલીમ આપે છે. ઉપરાંત રહેવા - જમવાની સગવડ પણ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

સંસ્થા તરફથી સ્વરોજગારી તાલીમમાં કોમ્પ્યુટર, સિવણ, લેધર, હાથશાળા વગેરે ચીજવસ્તુ બનાવવા માટેની તાલીમ આપવામાં આવે છે. તાજેતરમાં સંસ્થામાં વિશ્વ વિકલાંગ દિવસ મનાવવામાં આવ્યો હતો. જેમાં ઉજી ડિસેમ્બરના રોજ ૩૮ વિકલાંગ ભાઈઓએ નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રંગોળી, ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરી વિકલાંગ દિનની ઉજવણી કરી હતી. સ્પર્ધાનું આયોજન કોમલ પ્રજાપતિ, ભરતભાઈ નિનામા તેમજ જીંકેશ શાહે કર્યું હતું.

હિંમતનગર પોલીસ અને આરટીઓ કચેરીના સંયુકત ઉપક્રમે માર્ગ સલામતી સમાહ નિમિત્તે વાહન ચાલકોને નિયમોનુ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. તેમજ વાહનોના કાચ ઉપરથી બ્લેક ફિલ્મ હટાવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. (તસ્વીરઃ- મગન વણજારા,હિંમતનગર)

ઈડર તાલુકાના ડુંગરી પ્રાથમિક શાળાના ઉપ શિક્ષક ૧૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ડુંગરી ગામની પ્રાથમિક શાળાના મહિલા ઉપ શિક્ષકને આજ શાળાના ઉપ શિક્ષકના રજા પગારનું પુરક બીલ બનાવવા પેટે તાલુકા કેળવણી નિરીક્ષક વતીથી રૂ. ૧૦૦૦ની લેતા રંગે હાથ મહિલા ઉપ શિક્ષકને લાંચ રૂશ્વત ખાતાએ લાંચ લેતા ઝડપી પાડયા હતા. હિંમતનગર લાંચ રૂશ્વત પોલીસ મથકે મહિલા ઉપ શિક્ષક અને તાલુકા કેળવણી નિરિક્ષક વિરૂધ્ધ ગુનો નોંધી ફરાર તાલુકા કેળવણી નિરિક્ષકને ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર લાંચ રૂશ્વત ખાતાના પી.આઈ. એમ.જે. સોલંકીએ જણાવેલ કે ઈડર તાલુકાના ડુંગરી ગામે આવેલ પ્રાથમિક શાળામાં ઉપ શિક્ષક તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ જીવાભાઈ ઓરા પોતે માંદગી રજા પર ગયેલ તે રજા પગાર પેટે રૂ. ૭૪૦૦નું પુરક પગાર બીલ મુકયું હતું જે ઈડર ખાતે તાલુકા પંચાયતમાં તાલુકા કેળવણી નિરિક્ષક પી.બી. ઠાકોરે મંજુર કરવા માટે રૂ. ૧૦૦૦ની માંગણી કરેલ તેથી ઉપ શિક્ષક દિનેશભાઈ ઓરાએ ૩૧મીએ હું આપીશ જે પૈસા તમારી શાળાના મહિલા ઉપ શિક્ષક ઉષાબેન દેવચંદભાઈ પટેલને આપી દેશો ત્યારબાદ દિનેશભાઈ ઓરાએ હિંમતનગર લાંચ રૂશ્વત ખાતાનો સંપર્ક કર્યો હતો. દરમિયાન સોમવારના રોજ બપોરના સુમારે ૩.૩૦ વાગે દિનેશભાઈ ઓરા ડુંગરી પ્રાથમિક શાળામાં પંચો રૂબરૂ તાલુકા કેળવણી નિરિક્ષકને મોબાઈલ પર વાત કહેલ તેથી તાલુકા કેળવણી નિરિક્ષકે જણાવેલ કેબીલ મંજુર કરવા પેટેના રૂ. ૧૦૦૦ તમારી શાળાના ઉષાબેન પટેલને આપી દો તેથી શિક્ષકે ઉષાબેન પટેલને પંચો રૂબરૂ રૂ. ૧૦૦૦ આપ્યા કે તુરંત રંગે હાથ રૂ. ૧૦૦૦ની લાંચ લેતા ડુંગરી શાળાના મહિલા ઉપ શિક્ષક ઉષાબેન દેવચંદભાઈ પટેલને ઝડપી પાડીને હિંમતનગર લાંચ રૂશ્વત પોલીસ મથકે ડુંગરી ગામની પ્રાથમિક શાળાની મહિલા ઉપશિક્ષક ઉષાબેન દેવચંદભાઈ પટેલ ને તાલુકા કેળવણી નિરિક્ષક પી.બી. ઠાકોર વિરુદ્ધ ગુનો નોંધી ફરાર તાલુકા કેળવણી નિરિક્ષકને ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

દિન-પ્રતિદિન માર્ગો પર વધતા વાહનોના ધમધમાટ વચ્ચે પૈંડા પરની જિંદગી ખૂબ જ જોખમી બની છે ત્યારે માર્ગ સલામતીને લઈને નાગરિકોમાં જાગૃતિ કેળવાય તેવા ઉમદા હેતુથી સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં તા. ૧ થી ૭ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન જિલ્લા પોલીસ તંત્ર દ્વારા માર્ગ સલામતી સમાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ તંત્ર અને નગરજનો મોટી સંખ્યામાં જોડાઈ માર્ગ સલામતી અંગે જાગૃતતા ફેલાવી રહ્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧